**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૧ માર્ચ૨૦૧૧**

## ગેસ સિલિંડરની કૃત્રિમ અછત રોકો
## પેટ્રોલિયમ પ્રધાન ને રામ નાઈકનું આવાહન

**મુંબઈ, સોમવાર :** આખા દેશમાં ઊભી કરેલી ગેસ સિલિંડરની કૃત્રિમ અછત બંધ કરી સિલિંડરની કાળા બજારીને અટકાવો, આ મુજબનું આવાહન માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે પાછલાં અઠવાડિયે શુક્રવારે હાલનાં પેટ્રોલિયમ પ્રધાન શ્રી જયપાલ રેડ્ડીની મુલાકત લઈ કરેલ છે. આ પ્રસંગે ભાજપ ઉત્તર પશ્ચિમ મુંબઈ જીલ્હાનાં માજી અધ્યક્ષ શ્રી સુમંત ઘૈસાસ પણ તેમની સાથે હતાં. તેમજ પેટ્રોલિયમ ખાતાના સચિવ શ્રી એસ. સુંદરેશન અને સંયુકત સચિવ શ્રી અપૂર્વ ચંદ્ર પણ ઉપસ્થિત હતાં.

આખા દેશમાં સિલિંડરની કૃત્રિમ અછતે હદ ઓળંગી છે. ગરીબ અને દુર્ગમ પર્વતીય ક્ષેત્રોમાંની જનતા માટે વાજપેયી સરકારે લાવેલ ૫ કિલોના સિલિંડર તો હવે ઘરઘરાઉ વપરાશ માટે મળતાં જ નથી તેવી પરિસ્થિતી નિર્માણ થયેલ છે. અન્ય સિલિંડરોની પણ કૃત્રિમ અછત નિર્માણ થયેલ છે. પરિણામે નાગરિકોને મહિનાદિવસ કરતાં વધુ સિલિંડરની રાહ જોવી પડે છે અને સર્વત્ર સિલિંડરની કાળાબજારી ચાલૂ છે, તે તાત્કાલિક અટકાવો તેવું આવાહન શ્રી રામ નાઈકે શ્રી જયપાલ રેડ્ડી ને કરેલ છે. આ પ્રસંગે બોલતી વેળાં શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, "૧૪.૨ કિલોનું ઘરઘરાઉ ગ્રાહક માટેના સિલિંડરના ભાવ રૂ. ૩૪૮.૪૫ કિલો દીઠ અર્થાત કિલો દીઠ રૂ. ૨૪.૫૪ છે. આ ભાવે ૫ કિલોનું સિલિંડર ગરીબ ઘરઘરાઉ ગ્રાહકને ફકત રૂ.૧૨૨.૭૦ માં મળ્યું હોત. પણ પાછલાં કેટલાક મહિનાઓથી તે બજારમાંથી ગાયબ જ કરવામાં આવેલ છે. મુંબઈના ગરીબ ગ્રાહકો અને દુર્ગમ પર્વતીય વિભાગમાંના ગ્રહકોને આની અછત સાંપડી છે. હવે ફકત વેપારી ભાવે એટલેકે રૂ. ૩૬૨.૪૭ ના ભાવે પાંચ કિલોના સિલિંડર મળે છે. અર્થાત તે ૧૪.૨ કિલોના સિલિંડર કરતાયે વધુ મોંઘુ હોઈ તે કોણ લેશે ? " પર્વતીય ક્ષેત્ર ના ગ્રહકોને આટલું મોટું સિલિંડર લઈ ડુગરા પર ચડવું જ મુશ્કેલ પડે તેમજ તેમની આર્થિક પરિસ્થિતી પણ મોટા સિલિંડર ના પૈસા એકસાથે આપવાની હોતી નથી માટે શ્રી રામ નાઇકે પેટ્રોલિયમ પ્રધાન હતા તેવેળાં ૫ કિલોના સિલિંડર ઘરઘરાઉ વપરાશ માટે શરૂઆત કરી હતી.

પાંચ કિલોના સિલિંડિર ગાયબ થયા છે અને તેટલુંજ નહીં પણ ૧૪.૨ કિલોના સિલિંડરની કૃત્રિમ અછત ઊભી થઈ હોવાથી સિલિંડર મળવામાં અનેક સ્થળે એક મહિનાથી વધુ સમય લાગે છે. વાજપેયી સરકારના કાર્યકાળમાં જો અમે ૨૪ કલાકમાં સિલિંડર કોઈ પણ જાતનો વધારો ન લેતા આપી શકતા હતા તો હાલ એવુ શું બન્યું છે કે આ વિલંબ ભોગવવો પડે છે તેની ગંભીરતા પૂર્વક તપાસ કરવામાં આવે, આ મુજબનું આવાહન શ્રી રામ નાઈકે શ્રી જયપાલ રેડ્ડી ને કરી આને કારણેજ દેશ આખામાં ચોતરફ કાળા બજારી ચાલૂ હોવાનું ધ્યાન દોર્યું હતું. શ્રી જયપાલ રેડ્ડીએ આ પ્રકરણે તપાસ કરી કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું છે.

**( કાર્યાલય સચિવ )**